# જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨



# સમસ્યાના પરિમાણ (Magnitude)

- ☞ ૫૩% બાળકો એક અથવા વધુ રીતો દ્વારા જાતીય–દુરપયોગનો સામનો કરતા હોવાનો અહેવાલ છે.
- ☞ ૨૨% બાળકો ઉગ્ર જાતીય–દુરપયોગનો સામનો કરતા હોય છે.
- ☞ ૫૧% બાળકો જાતીય–દુરપયોગનો ભોગ બન્યા હોવા છતાં તેની નોંધ લેવાતી નથી.
- ☞ ૫0% દૂરપયોગ પરિચિતો અથવા એવી વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે કે જેઓ ઉપર વિશ્વાસ અને જવાબદારી મૂકવામાં આવી હોય છે.
- ☞ ૫–૧૨ વર્ષની વયજૂથના બાળકો દરેક રીતના જાતીય–દુરપયોગના સૌથી ઉચ્ચ સ્તરમાં આવતા હોય છે.
- ☞ 70% of the children have not reported abuse to anyone.

# અધિનિયમનો હેતુ અને અમલીકરણ

**હેતુ**

બાળકોના જાતીય–શોષણ અને જાતીય–દુરપયોગ એ ઘૃણાસ્પદ (heinous) ગુનાઓ છે અને તેના માટે અસરકારક કાર્યવાહી કરવાની આવશ્યકતા છે.

**અમલીકરણ**

- Passed on 19th June, 2012 and
- Come into force w.e.f 14th November, 2012

# અધિનિયમનો હેતુ

બાળકોને જાતીય–હુમલા (Sexual-Assault), જાતીય–સતામણી (Sexual-Harassment) અને નગ્ન–કામચેષ્ટા (Pornography) અંગેનું અશ્લીલ સાહિત્ય અંગેના ગુનાઓ સામે રક્ષણ આપવા માટે.

આવા ગુનાઓની ઈન્સાફી–કાર્યવાહી ચલાવવા માટે વિશિષ્ટ અદાલતોને પ્રસ્થાપીત કરવા માટેની અને આવી બાબતો સાથે સંબંધીત અથવા સંલગ્ન ઘટના અંગેની જોગવાઈ કરે છે.

# બાળકો સામેના જાતીય ગુનાઓ

| | |
|---|---|
| પ્રવેશ જાતીય–હુમલો | પરિભાષા–ક.૩ અને શિક્ષા ક.૪ |
| ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો | પરિભાષા–ક.૫ અને શિક્ષા ક.૬ |
| જાતીય–હુમલો | પરિભાષા–ક.૭ અને શિક્ષા ક.૮ |
| ઉગ્ર જાતીય–હુમલો | પરિભાષા–ક.૯ અને શિક્ષા ક.૧૦ |
| જાતીય–સતામણી | પરિભાષા–ક.૧૧ અને શિક્ષા ક.૧૨ |
| અશ્લીલના સાહિત્યના ઉદ્દેશ માટે બાળકનો ઉપયોગ | પરિભાષા–ક.૧૩ અને શિક્ષા ક.૧૪ |
| ગુનો કરવામાં મદદગારી | પરિભાષા–ક.૧૬ અને શિક્ષા ક.૧૭ |
| ગુનો કરવાના પ્રયાસ | પરિભાષા–ક.૧૮ અને શિક્ષા ક.૧૮ |

# પ્રવેશ જાતીય–હુમલો (Penetrative sexual assault) S-3

(એ) તે (પુરુષ) **<u>પોતાનુ શિશ્નને,</u>** બાળકના યોનિમાર્ગમાં, મોઢામાં, મૂત્રમાર્ગમાં અથવા ગુદા/મળદ્વારમાં, કોઈપણ સીમા સુધી, પ્રવેશ કરાવે અથવા તો બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કરાવે; અથવા

(બી) તે કોઈપણ વસ્તુ (સાધન) અથવા શરીરનો કોઈ ભાગ, **<u>પ્રાકૃતિક શિશ્ન સિવાય,</u>** બાળકના યોનિમાર્ગ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈપણ વ્યકિત સાથે આવુ કરાવે; અથવા

(સી) તે બાળકના શરીરના કોઈપણ ભાગને ચાલાકી થી બાળકની યોનિમાર્ગ, મૂત્રમાર્ગ, ગુદા અથવા **<u>બાળકના શરીરના કોઈપણ ભાગમાં અંગ–પ્રવેશ કરાવે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈપણ વ્યકિત સાથે આવુ કરાવે</u>**; અથવા

(ડી) તે બાળકના શિશ્ન, યોનિ, મૂત્રમાર્ગ, ગુદા **<u>સાથે પોતાના મોઢાનો ઉપયોગ</u>** અથવા બાળકને પોતાની સાથે અન્ય કોઈપણ વ્યકિત સાથે આવુ કરાવે.

# શિક્ષા ( Section 4)

જે કોઈપણ, પ્રવેશ જાતીય–હુમલો કરશે, તેને બન્નેમાંથી કોઈપણ પ્રકારની કારાવાસની શિક્ષા કે જેનો સમયગાળો સાત વર્ષથી ઓછો ન હોય પણ જેને આજીવન કારાવાસ સુધી વિસ્તારી શકાશે, અને તે દંડને પાત્ર પણ થશે.

# ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો (Aggravated Penetrative sexual assault) S-5

| |
|---|
| પોલીસ–અધિકારી હોય, |
| સશસ્ત્ર દળોનો અથવા સુરક્ષા દળોનો સભ્ય હોય, |
| જાહેર નોકર હોય, |
| સરકારી અથવા ખાનગી હોસ્પીટલના સંચાલક અથવા કર્મચારી વર્ગનો હોય, |
| શૈક્ષણિક અથવા ધાર્મિક સંસ્થાનો સંચાલક અથવા કર્મચારી વર્ગનો હોય, |
| જે કોઈપણ,બાળક ઉપર સામૂહિક પ્રવેશ જાતીય–હુમલો કરે, |
| બાળકની માનસિક અથવા શારીરિક અસક્ષમતાનો લાભ લઈ, |
| એક થી વધારે વાર અથવા વારંવાર બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે, |

# ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો

જે કોઈ વ્યકિત જેલ, રિમાન્ડ હોમ, સંરક્ષણ ગૃહ, અન્વેક્ષણ ગૃહ (ઓબ્ઝવેશન હોમ) અથવા જે–તે સમયમાં અમલી હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ અપાયેલ જાપ્તાના અન્ય સ્થળ અથવા કાળજી અને સંભાળ લેવાના સ્થળે સંચાલક અથવા કર્મચારી વર્ગનો સભ્ય હોય.

---

જે કોઈપણ, પ્રવેશ માટે બાળક ઉપર પ્રાણઘાતક હથિયાર, ગોળીબાર (fire), મારવા માટેનુ કોઈપણ સાધન (heated-substance) અથવા ધાક–ધમકીના કોઈપણ સાધનના ઉપયોગ કરીને બાળક સાથે પ્રવેશ જાતીય–હુમલો કરે.

---

જે કોઈપણ, અંગ–પ્રવેશ માટે બાળકને મહાવ્યથા અથવા શારીરિક નુકશાન અથવા ઈજા અથવા બાળકના ગુપ્ત અંગોમાં ઈજા પહોંચી જાતીય–હુમલો કરે.

# ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો

બાળકનો સગો–વ્હાલો હોય

બાળ સંસ્થા તેનો કોઈ માલિક, અથવા વ્યવસ્થાપક અથવા કર્મચારી–ગણ હોય,

ટ્રસ્ટ અથવા સત્તાધિકારીની રૂ એ હોય, સંસ્થામાં અથવા અન્યથા કોઈ જગ્યા

બાળક ગર્ભવતી છે, તે જાણવા છતાં તેની ઉપર અંગ–પ્રવેશ જાતીય–હુમલો કરે

બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે અને તેને મારી નાખવાનો પ્રયત્ન કર

બાળક ઉપર પ્રવેશ જાતીય–હુમલો કરે, અને જાહેરમાં નગ્ન અથવા નગ્ન કવાયત કરાવે

જાતીય–હુમલાનુ પરિણામ સ્વરૂપ તણીનુ ગર્ભવતી થાય

Hiv અથવા અન્ય કોઈપણ જીવનને ભયમાં મૂકતા રોગો અથવા એવો ચેપ (Infection) ફેલાવે

# શિક્ષા ( Section 6)

જે કોઈપણ, ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો કરે, તેને દશ વર્ષ કરતાં ઓછી ન હોય તેવી સખત કારાવાસની શિક્ષા કે જેને આજીવન કારાવાસ સુધી વિસ્તારી શકાશે અને આ સાથે દંડને પણ પાત્ર ઠરશે.

# જાતીય–હુમલો (Sexual assault)

જે કોઈપણ, જાતીય ઈરાદાથી કોઈપણ બાળકના યોનિ, શિશ્ન, ગુદા, અથવા છાતીને સ્પર્શે અથવા બાળકને આવી વ્યકિત અથવા અન્ય કોઈપણ વ્યકિતના યોનિ, શિશ્ન, ગુદા અથવા છાતીને સ્પર્શ કરાવે, અથવા જાતીય ઈરાદાથી અંગ–પ્રવેશ સિવાય અન્ય કોઈપણ પ્રકિયા દ્વારા શારીરિક સંબંધ કરે તો તેને જાતીય હુમલો કર્યો કહેવાય. [S.7]

જે કોઈપણ, જાતીય–હુમલો કરે તેને ઓછામાં ઓછી **ત્રણ વર્ષની કારાવાસની શિક્ષા કે જેને પાંચ વર્ષ સુધીના કોઈપણ સમયગાળા સુધી વિસ્તારી** શકાય અને તે દંડને પાત્ર પણ ઠરશે. [S.8]

# ઉગ્ર જાતીય–હુમલો
## (Aggravated Sexual Assault)

Same as section 5. [S.9]

જે કોઈપણ, બાળક ઉપર ઉગ્ર જાતીય–હુમલો કરશે તેને, **પાંચ વર્ષ કરતા ઓછી ન હોય, પરંતુ જેને દશ વર્ષ સુધી** વિસ્તારી શકાય તેટલા સમય માટેના કારાવાસની શિક્ષા અને તે દંડને પાત્ર પણ ઠરશે.[S.10]

# જાતીય–સતામણી (Sexual Harassment) S.11

(i) કોઈ શબ્દ ઉચ્ચારે અથવા કોઈ અવાજ કાઢે કે જેને બાળક સાંભળી શકે, અથવા કોઈપણ હાવભાવ દ્વારા અથવા ઈરાદાથી કોઈ વસ્તુ કે શરીરનો કોઈપણ અંગ બતાવે કે જેને બાળક જોઈ શકે, અથવા

(ii) બાળકને તેના શરીર અથવા તેના શરીરનો કોઈપણ ભાગને એવી રીતે પ્રદર્શીત કરાવે કે, તેને આવી વ્યકિત અથવા અન્ય કોઈ વ્યકિત જોઈ શકે, અથવા

(iii) નગ્ન કામચેષ્ટાના ઈરાદા સાથે પ્રચાર–પ્રસારના માધ્યમ અથવા અન્ય કોઈપણ રીત દ્વારા બાળકને કોઈ વસ્તુ તરીકે દેખાડવો, અથવા

# જાતીય–સતામણી

(iv) પ્રત્યક્ષ રીતે કાં તો ઈલેક્ટ્રોનીક અથવા તો આંકડાકીય રીતે અથવા અન્ય કોઈપણ સાધન દ્વારા વારંવાર અથવા સતત બાળકનો પીછો કરવો અથવા નજર રાખવી.

(v) બાળકને કોઈપણ પ્રચાર–પ્રસારના કોઈપણ માધ્યમ દ્વારા, વાસ્તવિક કે બનાવટી/ખોટી રીતના ચિત્ર/ શબ્દોમાં કે જે ઈલેક્ટ્રોનીક, ચલચિત્ર અથવા આંકડાકીય અથવા અન્ય કોઈપણ રીતના માધ્યમ દ્વારા, બાળકના શરીરના કોઈપણ ભાગને અથવા બાળકને સાંકળીને જાતીય–કૃત્ય માટે રજૂ કરીને ઉપયોગ કરવાની ધમકી આપવી.

(vi) નગ્ન કામચેષ્ટાના હેતુસર બાળકને લલચાવવો અથવા આના માટે બાળકને ઉપહાર આપવો.

# જાતીય–સતામણી માટેની શિક્ષા [ક.૧૨]

જે કોઈપણ, બાળક ઉપર જાતીય– સતામણીનો ગુનો કરશે તેને, ત્રણ વર્ષ સુધીની કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા થઈ શકાશે અને તે દંડને પાત્ર પણ ઠરશે.

# અશ્લીલના સાહિત્યના ઉદ્દેશ માટે બાળકનો ઉપયોગ (use of pornography) ???

બાળકના જાતીય–ઈન્દ્રિયો (Sexual-Organs) ને દર્શાવું.

વાસ્તવિક અથવા ખોટા જાતીય–કૃત્યમાં બાળકને સંલગ્ન કરવા માટે ઉપયોગ (પ્રવેશ સહિત અથવા વગર) કરવો.

બાળકને અશ્લીલ (Indecent) અથવા બીભત્સ (Obscene) રીતે દર્શાવવો.

# મદદગારી અથવા ગુનો કરવાના પ્રયાસ માટેની શિક્ષા

જે કોઈપણ, આ અધિનિયમ અન્વયેનો કોઈપણ ગુના માટે મદદગારી કરે જેના પરિણામ સ્વરૂપ મદદગારીના લીધે ગુનો બને, તો તેને તે ગુના માટે કરવામાં આવેલ શિક્ષાની જોગવાઈ અનુસારની શિક્ષા થશે.

જે કોઈપણ, આ અધિનિયમ અંતર્ગત કોઈ શિક્ષાપાત્ર ગુનો કરવામાં પ્રયત્ન કર્યો હોય અથવા એવો ગુનો કરવામાં કારણરૂપ બન્યો હોય, અને એવા પ્રયત્નમાં, આ ગુનો બનવાની દિશામાં કોઈ કૃત્ય કર્યું હોય, તેને કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા આપી શકાશે કે જેને આજીવન કારાવાસ સુધી લંબાવી શકાશે અથવા વધુમાં વધુ કારાવાસના કિસ્સામાં અડધા સમયાવધિ માટેની કારાવાસની શિક્ષા અથવા દંડ અથવા બન્ને.

# ગુનાઓની નોંધણી (ક.૧૯)

**ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ માં ગમે તે આપ્યુ હોય, તેને બાધ આવ્યા સિવાય,**

કોઈપણ વ્યકિત (બાળક સહિત), જેને આ અધિનિયમ અન્વયે કોઈ ગુનો બનવાની શકયતાનુ અનુમાન હોય અથવા આ ગુનો થયો છે, તેવી જાણકારી હોય, તે આની સૂચના,–

(એ) ખાસ કિશોર પોલીસ એકમ, અથવા

(બી) સ્થાનીક પોલીસને આપશે.

**નિવેદનો ને,–**

(એ) એક વિશેષ નોંધણી નંબર આપી અને તેની લેખિતમાં નોંધ કરવી,

(બી) સૂચના આપનારને વાંચી સંભળાવવી,

(સી) પોલીસ એકમ દ્વારા રાખવામાં આવેલ પુસ્તીકામાં આની નોંધ કરવાની રહેશે.

# ગુનાઓની નોંધણી (reporting of offence)

(૩) જ્યારે આ માહિતી/નિવેદન બાળક દ્વારા આપવામાં આવ્યા હોય, ત્યાં સામાન્ય ભાષામાં લખવાના રહેશે, જેથી બાળક આ માહિતી/નિવેદનના નોંધના તત્વોને સમજી શકે.

(૪) જે કિસ્સામાં, નોંધની ભાષાને બાળક સમજી શકવા માટે સક્ષમ ન હોય અથવા જ્યાં આની આવશ્યકતા ઉભી થઈ હોય, ત્યાં બાળકને લાયકાત અને અનુભવ ધરાવતાં અનુવાદક (Translator) અથવા અર્થઘટનકાર (Interpreter) ની સહાયતા અપાશે અને નિયત કર્યાનુસારની ફી ની ચુકવણી કરશે.

(૫) જ્યારે ખાસ કિશોર પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસ સંતુષ્ટ હોય કે બાળક, **કે જેની સામે ગુનો બન્યો છે, તે કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળુ બાળક છે,** તો ત્યાં આ કારણોની લેખિતમાં નોંધ કર્યાં પછી, તેને એવી કાળજી અને રક્ષણ (જેમાં બાળકને સંરક્ષણ ગૃહ અથવા નજીકના દવાખાનામાં દાખલ કરવા) ની તુરંત વ્યવસ્થા કરશે, સુચના મળ્યાના ચોવીસ કલાકની અંદર, જે નિર્ધારીત કરવામાં આવ્યુ હોય.

# ગુનાઓની નોંધણી

(૬) ખાસ કિશોર પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસ, અકારણ વિલંબ કર્યા વગર, પણ ચોવીસ કલાકની અંદર, આની જાણ બાળકની કાળજી અને રક્ષણની જરૂરીયાત અને આના હેઠળ લીધેલા પગલાઓની જાણ બાળ કલ્યાણ સમિતિ અને વિશેષ અદાલત અથવા જયાં વિશેષ અદાલત નિયુકત ન હોય, ત્યાં સેસન્સ અદાલતને જણાવવાની રહેશે.

(૭) પેટા–કલમ (૧) અંતર્ગત, શુધ્ધબુધ્ધિથી સુચના આપનાર વ્યકિત, દીવાની કે ફોજદારી જવાબદારી માટે જવાબદાર બનતો નથી.

# (ક.૨૦) કેસોના હેવાલ માટે પ્રચાર–પ્રસાર, સ્ટુડિયો અને ફોટોગ્રાફિક સુવિધા માટેનુ બંધન

---

મીડિયા અથવા હોટેલ  અથવા લોજ અથવા હોસ્પીટલ  અથવા કલબ અથવા સ્ટૂડિયો અથવા ફોટોગ્રાફિક સુવિધા સાથે જોડાયેલ  કોઈપણ સંસ્થા કે જે નામથી  ઓળખાતી  હોય,

---

ત્યાં કેટલી  સંખ્યામાં વ્યકિતઓ રોકાયેલા છે,  તેને ધ્યાનમાં લીધા સિવાય,

---

કોઈપણ સાધન–સામગ્રી  અથવા સાહિત્ય–સામગ્રીના સંપર્કમાં આવે કે જેમાં બાળકનું જાતીય–શોષણ,

---

આમાંના કોઈપણ માધ્યમના ઉપયોગ દ્વારા કરવામાં આવી  રહયુ હોય,  (જેમાં નગ્ન–કામચેષ્ટા સંબંધી  અશ્લીલ  સાહિત્ય,  જાતીયતાથી  સંબંધીત અથવા બાળક કે બાળકોને બીભત્સ રીતે દર્શાવવાનો સમાવેશ થાય છે),

---

તે અંગેની  માહિતી  કિસ્સાનુસાર જે કાંઈપણ હોય,  વિશિષ્ટ બાળ  પોલીસ એકમ, અથવા સ્થાનિક પોલીસને પૂરી  પાડવી.

# ૨૧. કેસનો હેવાલ અથવા નોંધણી કરવામાં નિષ્ફળતા માટેની શિક્ષા

(૧) કોઈપણ વ્યકિત, આ અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૧) અથવા કલમ–૨૦ અન્વયેના ગુનો બન્યાનો હેવાલ આપવામાં નિષ્ફળ જાય છે અથવા આ અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ(૨) અન્વયે બનેલા ગુનાની નોંધણી કરવામાં નિષ્ફળ જાય છે, તેને કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા કે જેને **છ માસ સુધી વિસ્તારી શકાય તેની અથવા દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકશે**.

(૨) કોઈપણ વ્યકિત, કે જેને આધીન કોઈ કંપની અથવા સંસ્થા (કે જે કોઈપણ નામે ઓળખાતી હોય), તેઓના નિયંત્રણમાં કામ કરતી કોઈપણ નીચલા હોદ્દાના વ્યકિત સંબંધી થયેલા કલમ–૧૯ની પેટા–કલમ(૧) અન્વયે આવા ગુનાની નોંધણી કરવામાં નિષ્ફળ રહે છે, તેને કાં તો નિર્દિષ્ટ કરવામાં આવેલ સમયગાળા માટેની શિક્ષા કે જેને એક વર્ષ સુધી વિસ્તારી શકાય તેટલી કારાવાસની અને દંડની શિક્ષા થશે.

# બાળકના નિવેદનની નોંધણી [S.24]

(૧) **બાળકના નિવેદનની નોંધણી કાં તો તેના ઘરે અથવા બાળક જે જગ્યા એ સામાન્ય રીતે રહેતો હોય ત્યાં અથવા તેની મનપસંદ જગ્યાએ સબ–ઈન્સ્પેકટરથી નીચલો દરજ્જો ધરાવતો ન હોય,** જયાં સુધી શકય હોય ત્યાં સુધી, મહિલા પોલીસ–અધિકારી દ્વારા નોંધવામાં આવશે.

(૨) બાળકનુ નિવેદન નોંધતી વખતે પોલીસ–અધિકારી પોલીસ–યુનિફોર્મ (ગણવેશ) માં ન હોવા જોઈએ.

(૩) પોલીસ–અધિકારી તપાસ હાથ ધરતી વખતે, તેઓ એ એવી ખાતરી આપશે કે તે કોઈપણ સમયે બાળક આરોપી સાથે કોઈપણ રીતથી સંપર્કમાં આવ્યુ હોવું જોઈએ નહી.

(૪) કોઈપણ કારણોસર બાળકને રાત્રી સમયે પોલીસ–સ્ટેશનમાં અટકાવી શકાશે નહી.

(૫) પોલીસ–અધિકારી એ બાળકની ઓળખ સંબંધી સુરક્ષાની ખાતરી આપવી પડશે.

# ૨૬. નિવેદન નોંધણી સંબંધી વધારાની જોગવાઈઓ

(૧) મેજિસ્ટ્રેટ અથવા પોલીસ–અધિકારી, કિસ્સાનુસાર જે હોય, બાળક દ્વારા કહેવામાં આવેલા નિવેદન, બાળકના માતા–પિતાની હાજરી અથવા એવી કોઈપણ વ્યકિત કે જેના ઉપર બાળકને વિશ્વાસ અથવા ભરોસો હોય, તેની હાજરીમાં નિવેદનોની નોંધણી કરશે.

(૩) મેજિસ્ટ્રેટ અથવા પોલીસ–અધિકારી, કિસ્સાનુસાર, માનસિક અથવા શારીરિક અસક્ષમતા ધરાવતાં બાળકના કેસમાં ખાસ કેળવણીકાર અથવા કોઈપણ સુપરિચિત (Familiar) વ્યકિત કે જે બાળક સાથે વાર્તાલાપ કરવાની રીત અથવા આ ક્ષેત્રનો નિષ્ણાત હોય, એવી લાયકાત, અનુભવ ધરાવતી વ્યકિતની સહાયતા લઈ શકશે અને નિયત કર્યાંનુસારની ફી ની ચુકવણી કરશે.

(૪) જયાં પણ શકય હોય, મેજિસ્ટ્રેટ અથવા પોલીસ–અધિકારી, કિસ્સાનુસાર જે કાંઈપણ હોય, બાળક દ્વારા અપાયેલા નિવેદનને શ્રાવ્ય–દ્રશ્ય (Audio-Video), ઈલેકટ્રોનિક રીત દ્વારા નોંધણીની ખાતરી આપશે.

# ૨૭. બાળકની તબીબી–તપાસ

(૧) જે બાળકના સંબંધે, આ અધિનિયમ અન્વયે કોઈ ગુનો બન્યો હોય, અને તેના સંબંધે આ અધિનિયમ અંતર્ગત પ્રાથમિક માહિતી અહેવાલ **<u>કે ફરીયાદ ના થઈ હોય,</u>** તેને ધ્યાનમાં લીધા વગર ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૬૪એ અન્વયે તેની તબીબી તપાસ કરવાની રહેશે.

(૨) બાળ–છોકરીના કિસ્સામાં, આવી તબીબી <u>તપાસ સ્ત્રી તબીબ દ્વારા હાથ ધરવામાં આવશે.</u>

(૩) બાળકની તબીબી તપાસ તેના માતા–પિતા અથવા અન્ય એવી વ્યકિત કે જેના ઉપર (બાળકને) વિશ્વાસ અથવા ભરોસો હોય, તેની હાજરીમાં હાથ ધરવામાં આવશે.

(૪) જયારે, પેટા–કલમ(૩) માં સંદર્ભીત બાળકના માતા–પિતા અથવા અન્ય વ્યકિત, બાળકની તબીબી તપાસ દરમ્યાન, કોઈપણ કારણોસર હાજર થઈ શકયા ન હોય, તો ત્યાં બાળકની તબીબી તપાસ તબીબી–સંસ્થાના પ્રમુખ દ્વારા નીમવામાં આવેલ સ્ત્રીની હાજરીમાં હાથ ધરવાની રહેશે.

# વિશેષ અદાલતની કાર્યવાહી અને સત્તા (S.33)

- ☞ આ વિશેષ અદાલત, એવી હકીકતોની મળેલી ફરીયાદ કે જે એવો ગુનો બનતો હોય, અથવા એવી હકીકતોનો પોલીસ અહેવાલ ઉપર, આરોપીને ઈન્સાફી કાર્યવાહી માટે મોકલ્યા વગર, તેનું કોગ્નીઝન્સ લઈ શકશે.

- ☞ વિશેષ સરકારી વકીલ, અથવા આરોપી પક્ષના વકીલ, જ્યારે **<u>બાળકનુ સર–તપાસ, ઉલટ–તપાસ અથવા પુનઃતપાસની નોંધણીના સમયે</u>**, ઉભા થતાં પ્રશ્નોને જે બાળકને પૂછવાના હોય, તેને વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવા પડશે, (અદાલત) આ પ્રશ્નો બાળકને પૂછશે.

- ☞ વિશેષ અદાલતને, જો એવુ વિચારણામાં લેવું આવશ્યક બને, તો ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન અમુક સમયના અંતરે બાળકને વિરામ માટેની પરવાનગી આપી શકશે.

- ☞ વિશેષ અદાલત, બાળ–દોસ્તીભર્યું વાતાવરણ (બાળકને માટે) તૈયાર થાય, તે માટે તેના કુટુંબના સભ્યો, વાલી, દોસ્તો, અથવા સગા–વ્હાલા, કે જેની ઉપર બાળક વિશ્વાસ અને ભરોસો રાખતો હોય, તેઓને અદાલતમાં હાજર રહેવા માટેની પરવાનગી આપશે.

- ☞ વિશેષ અદાલત એ વાતની ખાતરી આપશે કે, બાળકને સાક્ષી/પુરાવા લેવા માટે વારંવાર અદાલતમાં બોલાવવામાં ન આવે.

# વિશેષ અદાલતની કાર્યવાહી અને સત્તા (S.33)

☞ વિશેષ અદાલત, ઉગ્ર અને બાળકની ચાલ–ચલગતનુ મૂલ્યાંકન કરતા પ્રશ્નો પૂછવાની પરવાનગી નહી આપે અને સમગ્ર ઇન્સાફી કાર્યવાહી **દરમ્યાન બાળકની ગરિમા જળવાય રહે,** તેની ખાતરી આપશે.

☞ વિશેષ અદાલત, તપાસ અથવા ઇન્સાફી કાર્યવાહીના **કોઈપણ સમયે બાળકની ઓળખ છતી ન થાય તે વાતની ખાતરી આપશે.**

☞ જોગવાઈ એવી છે કે, જો વિશેષ અદાલતને એમ લાગે કે બાળકની ઓળખ છતી કરવી એ **બાળકના સર્વોત્તમ હિતમાં છે, તો અદાલતે આ અંગેના કારણોની લેખિતમાં નોંધ કરી આવી ઓળખને છતી કરવાની પરવાનગી આપી શકશે.**

☞ યથાયોગ્ય કિસ્સામાં, વિશેષ અદાલત, શિક્ષાથી વધારે, શારીરિક અથવા માનસિક આઘાત માટે અથવા એવા બાળકના તાતકાલિક પુનઃવસન માટે, જે નિયત કરવામાં આવ્યુ હોય, **તેવા વળતર ચુકવણી માટેનો નિર્દેશો આપી શકશે.**

☞ આ અધિનિયમની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, વિશેષ અદાલત, જ્યાં સુધી, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩માં નિર્દિષ્ટ કરેલી કાર્યવાહીને સંબંધ છે, ત્યાં સુધી આવી **કાર્યવાહી કોર્ટ ઓફ સેસન્સ સમક્ષ** કરવામાં આવેલી કાર્યવાહી અનુસારની ગણવામાં આવશે.

# ચોક્કસ કેસોમાં કલમ–૩ થી ૧૩ સુધીની જોગવાઈઓ લાગુ પડશે નહી

આવા બાળકની તબીબી તપાસ અથવા તબીબી સારવાર જયારે બાળકના માતા–પિતા અથવા વાલીની સંમતિ સાથે હાથ ધરવામાં આવતી તબીબી તપાસ અથવા તબીબી સારવારના કિસ્સામાં કલમ–૩ થી કલમ–૧૩ સુધીની જોગવાઈઓ (બન્નેનો સમાવેશ) લાગુ પડતી નથી. (S.41)

# વૈકલ્પિક શિક્ષા (S.42)

જયારે કોઈ કૃત્ય અથવા કૃત્ય–લોપ આ અધિનિયમ અન્વયે શિક્ષાપાત્ર બનતુ હોય અને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬એ, ૩૫૪એ, ૩૫૪બી, ૩૫૪સી, ૩૫૪ડી, ૩૭૦, ૩૭૦એ, ૩૭૫, ૩૭૬, ૩૭૬એ, ૩૭૬બી, ૩૭૬સી, ૩૭૬ડી, ૩૭૬ઈ અને ૫૦૯, ત્યાં, તત્સમયે અમલી કોઈપણ કાયદાના સંદર્ભે અન્યથા વિસંગત સિવાયનું કાંઈપણ, ગુનેગાર એવા ગુના માટે દોષિત જણાય આવે કે જેના માટે તે શિક્ષાને પાત્ર ઠરતો હોય, તે માત્ર આવા કાયદા અથવા આ અધિનિયમમાં જણાવવામાં આવેલી શિક્ષાની જોગવાઈઓ કે જેની માત્રા ઉચ્ચ સ્તરની છે, તેને પાત્ર બનશે.

# Other provisions

- **SPECIAL COURTS (Add. Session Judge) and SPP**
- Period for recording of evidence of child and disposal of case. [1 year]
- Child not to see accused at the time of testifying.
- Trials to be conducted *in camera*.
- Right of child to take assistance of legal practitioner.
- Public awareness about Act.

# Thank You !!





